મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

GT NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૧-૦૬-૨૦૨૫ શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૬૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### સ્થાનિક મતભેદો અને આંતરિક રાજકારણના કારણે કેટલીક પંચાયતોમાં ચૂંટણી યોજાવી પડી રહી છે

# મહેસાણા જિલ્લામાં ૨૨૭ ગ્રામ પંચાયતોમાં સરપંચનો જંગ:૨૨ જૂને ૭૩૮ સરપંચ ઉમેદવારો અને ૧૪૯૮ સભ્યો વચ્ચે મતદાન યોજાશે


(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લામાં આગામી તા.૨૨ને રવિવારે યોજાનારી ગ્રામપંચાયતોની ચૂંટણી શાંતીપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર સજ્જ બની જવા પામેલ છે. આ ચૂંટણીના આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા હોય આજે સાંજથી પ્રચાર-પડઘમ શાંત થઈ જશે.

આ ચૂંટણીમાં જોડાયેલા કર્મચારીઓને ચૂંટણી ફરજ માટેના ઓર્ડરો અગાઉ કરી દેવામાં આવેલ હતાં.આ કર્મચારીઓ આવતી કાલે ઉઘડતી કચેરીએ જ ચૂંટણી ફરજ માટે ગ્રામ વિસ્તારોમાં રવાના થઈ મતદાન મથકોનો કબ્જો સંભાળી લેશે.

ગ્રામ પંચાયતોની આ ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય વાતાવરણ ગરમાયું જવા પામેલ છે ઉમેદવારોએ બેઠકો કબ્જે કરવા માટે એડીઓટીનું જોર લગાવી દીધું છે.

આજે સાંજથી ગ્રામ્ય વિસ્તારોમાં પ્રચાર પડઘમ શાંત થતા જ ઉમેદવારો ડોર-ટુ-ડોર પ્રચાર શરૂ કરી દેશે પંચાયતોની આ ચૂંટણીમાં ખરા ખરીનો ચૂંટણી જંગ ખેલાનાર હોય છેલ્લી ઘડીએ મોટા રાજકીય માથાઓ પણ પોતાના ઉમેદવારોને વિજયી બનાવવા માટે મેદાનમાં આવી ગયા છે.




આવતીકાલે ચૂંટણી કર્મચારીઓ જિલ્લા-અને તાલુકા મથકો પરથી રવાના થઈ ચૂંટણી સાહિત્ય સાથે મતદાન મથકોનો કબ્જો સંભાળી લેશે. જયારે ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી તાલુકા મથકો પર તા.૨૩ને સોમવારે થશે.

મહેસાણા જિલ્લામાં આગામી ૨૨ જૂને ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જિલ્લાની કુલ ૪૦૬ ગ્રામ પંચાયતો પૈકી ૨૨૭ પંચાયતોમાં સરપંચ પદ માટે ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં ૭૩૮ સરપંચના ઉમેદવારો અને ૧૪૯૮ વોર્ડ સભ્યો વચ્ચે પ્રતિસ્પર્ધા થશે.

જિલ્લાની ૩૪૭ ગ્રામ પંચાયતોમાંથી ૮૭ પંચાયતો ૧૦૦ ટકા સમરસ જાહેર થઈ છે. ૩૩ પંચાયતોમાં સરપંચ બિનહરીફ થયા છે. ૨૧૦૬ વોર્ડના સભ્યો વિવિધ પંચાયતોમાં બિનહરીફ જાહેર થયા છે.

મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા સિવાયના ૮ તાલુકાઓમાં ચૂંટણી યોજાશે. આ તાલુકાઓમાં મહેસાણા, ખેરાલુ, વડનગર, સતલાસણા, વિસનગર, બેચરાજી, વિજાપુર અને ઊંઝાનો સમાવેશ થાય છે.

ચૂંટણીને ગણતરીના દિવસો બાકી હોવાથી ઉમેદવારો પ્રચાર અભિયાનમાં વ્યસ્ત છે. તેઓ ડોર-ટુ-ડોર પ્રચાર કરી રહ્યા છે અને સોશિયલ મીડિયાનો પણ ઉપયોગ કરી રહ્યા છે. ખેતરોમાં કામ કરતા મતદારોનો સંપર્ક કરવા માટે ઉમેદવારો ખેતરોમાં પણ જઈ રહ્યા છે.

સ્થાનિક મતભેદો અને આંતરિક રાજકારણના કારણે કેટલીક પંચાયતોમાં ચૂંટણી યોજાવી પડી રહી છે. દરેક ગામમાં મતદારો કોને પસંદ કરશે તેની ઉત્સુકતા જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાંમતદાન મથકો તૈયાર : સવેંદનશીલ સૌથી વધુ કર્મચારીઓ ચૂંટણી ફરજ બજાવશે: પી.એસ.આઈ, પોલીસ કર્મચારીઓ અને હોમગાર્ડઝ જવાનો બંદોબસ્તમાં ગોઠવાઈ ગયા છે.

### કોંગ્રેસ પ્રમુખ જયદીપસિંહ ડાભીએ આ મામલે નોંધાવ્યો વિરોધ

## મહેસાણા મનપા દ્વારા કરાયેલા પાણીના તથા શોષકૂવાના ટેન્કરમાં ભાવ વધારા મામલે કોંગ્રેસની આદોલનની ચિમકી






(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા મહાનગરપાલિકાએ પાણીના ટેક્રરના રૂ.૨૦૦થી વધારીને રૂ.૪૦૦ તેમજ મેલા પાણીના (શોષકૂવો) ખાલી કરવા ટેક્રરના ફેરાનો ચાર્જ રૂ.૩૦૦થી વધારીને રૂ.૧૦૦૦ વસૂલવાનું શરૂ કરી દીધું છે. એ જ પ્રમાણે ધાર્મિક પ્રસંગમાં નગરપાલિકા પીવાના પાણીના ટેક્રર વિનામૂલ્યે આપતું હતું, હવે તેના રૂ.૨૦૦ ચાર્જ ચૂકવવો પડશે. જ્યારે ધાર્મિક પ્રસંગમાંમોબાઈલ ટોયલેટ વાનના રૂ.૫૦૦ ચાર્જ હતો, તેમાં ચાર ગણો વધારો થતાં હવે રૂ.૨૦૦૦ ચૂકવવા પડશે. વિસ્તાર વધવાનું કારણ આગળ ધરી ચૂપચાપ ઠરાવ કર્યા બાદ તા.૧લી જૂનથી ચાર્જ વધારાનો અમલ શરૂ કરી દેવાયો છે.

આ મામલે મહેસાણા શહેર કોંગ્રેસ પ્રમુખ જયદિપસિંહ ડાભીએ મનપાને પત્ર પાઠવીને અનુરોધ કર્યો છેકે, આ ભાવવધારા પાછા ખેંચી લેવામાં આવે નહિ તો આવનાર સમયમાં આ દરમાં યોગ્ય ઘટાડો નહી થાય તો મહેસાણા શહેર કોંગ્રેસ તેમજ મહાનગરપાલીકામાં વેરો ભરતી પ્રજા દ્વારા આ મુદ્દે ગાંધી ચિંધ્યા માર્ગે તેમજ ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

### મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને મતગણતરી સંદર્ભે બેઠક યોજાઇ

## મહેસાણાના મેવડ એન્જિનિયરીંગ કોલેજ ખાતે પોલીસના ચુસ્ત બંદોબસ્ત હેઠળ મતગણતરી હાથ ધરવામાં આવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ અંતર્ગત મતગણતરી તા. ૨૩ જૂન ૨૦૨૫ના રોજ સવારે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી -ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ (જીટીયુ-આઈટીઆર) મેવડ, મહેસાણા ખાતે હાથ ધરાનાર છે. જેની પૂર્વ તૈયારીની સમીક્ષા બેઠક જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી-ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ (જીટીયુ-આઈટીઆર) મેવડ, મહેસાણા ખાતે યોજાઈ હતી. બેઠકમાં મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં થાય અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સુચારૂ આયોજનના ભાગરૂપે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.



આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિએ જણાવ્યું હતું કે,૨૪ કડી વિધાનસભા મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી છે તેવી જ રીતે મતગણતરી પણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તેવી કામગીરી કરવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં મતગણતરીનું ખૂબ જ મહત્વ રહેલું હોય છે. માટે મત ગણતરી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની ખલેલ ન પહોંચે તે જોવા ઉપસ્થિત અધિકારીઓને જણાવ્યું હતું.

આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી વિવેક બારહટે ચૂંટણી પરિણામ પત્રક તથા તેને સંલગ્ન માહિતી તૈયાર કરવાની કામગીરી તથા Encore Application, ETBPS તેમજ IT સંબંધિત અન્ય તમામ પ્રકારની કામગીરી, સંબંધિત ચૂંટણી અધિકારી પાસેથી મત ગણતરીની વિગતો મેળવીને જિલ્લા ચૂંટણી અધિકારી/ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીને રજૂ કરવાની કામગીરી, મીડિયા સેન્ટર ખાતે રાઉન્ડ વાર મતગણતરીની વિગતો પહોંચાડવાની તથા આનુસંગિક વ્યવસ્થાઓ અંગેની કામગીરી, મત ગણતરી કેન્દ્ર ખાતે આવનાર તમામ વાહનોની યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની કામગીરી, મત ગણતરી કેન્દ્ર ખાતે જનરલ ઓબ્ઝર્વરશ્રી, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ચૂંટણી ફરજ પરના અધિકૃત ઓળખકાર્ડ ધરાવતા કર્મચારીશ્રીઓને મુખ્ય ગેટમાંથી કમ્પાઉન્ડમાં સરળતાથી પ્રવેશ મળે તે માટેની કામગીરી, હરિફ ઉમેદવારે નિયુક્ત કરેલા તેમના મતગણતરી એજન્ટો તથા ચૂંટણી એજન્ટોને ઓળખકાર્ડથી ચકાસણી કરી મતગણતરી કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ અપાવવાની કામગીરી, મોબાઈલ ફોન તથા અન્ય વિજાણું યંત્રો સલામત કસ્ટડીમાં મુકવાની કામગીરી, મેડિકલ સેન્ટર ઉપર જરૂરિયાત મુજબ આરોગ્ય ચિકિત્સા લગત કામગીરી, મત ગણતરી કેન્દ્રના મતગણતરીની વ્યવસ્થામાં રોકાયેલ વ્યક્તિઓ માટે ચા-પાણી, નાસ્તો, ફૂડ પેકેટ, ભોજનની વ્યવસ્થા એજન્સીના સંકલનમાં રહી કરવાની કામગીરી સહિતની બાબતો અંગે ચૂંટણી ફરજ સોંપવામાં આવેલ અધિકારીઓને અવગત કરીને તેમની કામગીરી ઉત્કૃષ્ટ રીતે કરવા જરૂરી સુચના/માર્ગદર્શન આપ્યા હતા.

આ બેઠકમાં ૨૪-કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આશિષ મિયાત્રા સહિત મત ગણતરી કામગીરી સાથે જોડાયેલા અધિકારીઓ અને કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેરાલુ હાઈવે પર વૃંદાવન ચોકડી નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો

## આઈટીઆઈ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા આઈવા ટ્રેક ઈકો કારને જોરદાર ટક્કર મારી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

ખેરાલુ હાઈવે પર વૃદાંવન ચોકડી નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો છે. આઈટીઆઈ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા આઈવા ટ્રકે એક ઈકો ગાડીને જોરદાર ટક્કર મારી હતી.

સુરતના ઓલપાડના પારસીવાડના રહેવાસી ઈકરામ મુખત્યાર કુરેશી તેમના પરિવાર સાથે સતલાસણા ખાતે ભત્રીજીના લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. ખેરાલુ આઈટીઆઈ ચોકડી પાસે પાછળથી આવેલા ટ્રકે તેમની ઈકો ગાડીને ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે ઈકો ગાડી રોંગ સાઈડમાં ફંગોળાઈને



પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતમાં મુખત્યાર ખુદાબક્ષ કુરેશી (૬૦), નિલોફર ઈકરામ કુરેશી (૩૫) અને મહોમ્મદસામી ઈકરામ કુરેશી (૭)ને ઈજાઓ થઈ હતી. ઘાયલોને પ્રથમ ખેરાલુ હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે વડનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. ખેરાલુ પોલીસે ફરિયાદના આધારે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ૪૦૬ ગ્રામ પંચાયતોના સરપંચો અને વોર્ડ સદસ્યોની ચૂંટણીમાં

## મહેસાણા એસ.ટી.ના ૧૪ ડેપો દ્વારા ૧૦૬ બસોની વ્યવસ્થા કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લામાં આગામી ૨૨ જૂને ૪૦૬ ગ્રામ પંચાયતોના સરપંચો અને વોર્ડ સદસ્યોની ચૂંટણી યોજાશે. લાંબા સમયથી રાહ જોવાઈ રહેલી આ ચૂંટણી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

મહેસાણા એસ.ટી. વિભાગના ૧૪ ડેપો દ્વારા ૧૦૬ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ બસો ૨૧ અને ૨૨ જૂન એમ બે દિવસ દરમિયાન સેવામાં રહેશે. તેમના દ્વારા મતદાન કેન્દ્રો પર ઈવીએમ મશીન, બેલેટ પેપર, ચૂંટણી અધિકારીઓ અને અન્ય આવશ્યક સામગ્રી પહોંચાડવામાં આવશે.



વિભાગીય નિયામક યોગેશ પટેલના જણાવ્યા અનુસાર, આ ચૂંટણી દરમિયાન એસ.ટી. બસોના પરિવહનથી વિભાગને અંદાજે ૧૫ લાખ રૂપિયાથી વધુની આવક થશે. બસો મતદાન પૂર્ણ થયા બાદ ચૂંટણી સામગ્રી પરત લાવવાની કામગીરી પણ કરશે.

## મતગણતરી કેન્દ્ર આસપાસ ૨૦૦ મીટરના વિસ્તારમાં જરૂરી પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ અન્વયે આગામી તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઈન્ડસ્ટ્રીયલ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ (GTU-ITR), મેવડ ખાતે મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ મતગણતરી પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે યોજાય અને કાયદો-વ્યવસ્થા તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા મતગણતરી કેન્દ્ર આસપાસ ૨૦૦ મીટરના વિસ્તારમાં જરૂરી પ્રતિબંધાત્મક હુકમો ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા મુજબ, મતગણતરી કેન્દ્ર ખાતે તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ ૦૦- ૦૦ કલાકથી ૨૪-૦૦ કલાક સુધી કે મતગણતરી પૂર્ણ થાય તે બેમાંથી જે વહેલુ હોય તે સમય માટે મહેસાણા જિલ્લામાં ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ ની મતગણતરી કામગીરી માટેના મત ગણતરીના સ્થળ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઈન્ડસ્ટ્રીયલ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ (GTU- ITR), મું. મેવડ, તા.જી. મહેસાણાથી ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસો ભેગા થવુ નહિ તેમજ મકાન તથા તેના કમ્પાઉન્ડની અંદર બિન અધિકૃત વ્યક્તિઓએ પ્રવેશ કરવો નહિ.

આ આદેશ ચૂંટણી અંગેની મતગણતરી કામગીરીમાં ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફને તથા અન્ય સુરક્ષા સ્ટાફને લાગુ પડશે નહિ, ચૂંટણીના ઉમેદવારો તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટ તેમજ તેઓના તરફથી નિયુક્ત કરાયેલ અધિકૃત મતગણતરી એજન્ટો કે જેઓની નિમણૂક સંબધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તરફથી માન્યતા આપેલ હોય તેઓને લાગુ પડશે નહિ. ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી અન્ય વ્યક્તિઓને તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણા દ્વારા અધિકૃત કરવામાં આવે તેઓને લાગુ પડશે નહિ.




# આતંકવાદનો પર્દાફાશ કરવો જરૂરી છે

વડાપ્રધાન મોદીએ કેનેડામાં જી-૭ સમિટમાં આતંકવાદ પર આ દેશોની બેવડી નીતિનો પર્દાફાશ કર્યો, અને ત્યાંથી ફોન પર લાંબી વાતચીતમાં તેમણે અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પને જે કંઈ કહ્યું, તે અમેરિકા સમજે તો વધુ સારું રહેશે કે ભારત કાશ્મીર કે અન્ય કોઈ મુદ્દા પર કોઈના દબાણમાં આવવાનું નથી.

ટ્રમ્પના દાવાઓ પર ભારતીય વડા પ્રધાને સ્પષ્ટપણે કંઈક કહેવું જોઈએ કે તેમણે કથિત રીતે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવ્યો હતો અને આ માટે તેમણે બંને દેશો વચ્ચે વેપારનો પ્રસ્તાવ મૂકીને લશ્કરી મુકાબલો બંધ કરાવ્યો હતો. વડા પ્રધાન મોદીએ તેમને કહ્યું કે આવું કંઈ નથી અને આ સંદર્ભમાં ભારત સાથે કોઈ વાતચીત થઈ નથી. આનો અર્થ એ છે કે ટ્રમ્પનો વારંવાર કરવામાં આવતો દાવો ખોટો છે. મોદીએ સ્પષ્ટ શબ્દોમાં એ પણ સ્પષ્ટ કર્યું કે ભારતે કાશ્મીર પર મધ્યસ્થી સ્વીકારી નથી અને સ્વીકારશે પણ નહીં.

ટ્રમ્પને કદાચ આ બધું સાંભળવું ગમ્યું ન હોય, પરંતુ તેમણે જાણવું જોઈએ કે જ્યારે ભારત આર્થિક રીતે એટલું મજબૂત નહોતું અને આજે જેટલું તેનું આંતરરાષ્ટ્રીય સ્તર નથી, તો જો તેણે કોઈ ત્રીજા દેશને કાશ્મીર પર મધ્યસ્થી કરવાની તક ન આપી હોય, તો આજે તે કેવી રીતે કરી શકે? જો અમેરિકન રાષ્ટ્રપતિ અને તેમના સાથીઓ આ સરળ વાત સમજી શકતા નથી, તો તેઓ આ માટે પોતાના સિવાય બીજા કોઈને દોષી ઠેરવી શકતા નથી.

આજે એ વાતને અવગણી શકાય નહીં કે અમેરિકાનો બે-ત્રણ દાયકા પહેલા જેવો પ્રભાવ હતો તેવો પ્રભાવ નથી. એ પણ એક કડવું સત્ય છે કે ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ બન્યા પછી, અમેરિકા વધુ શરમનો સામનો કરી રહ્યું છે. મોટી મોટી વાતો કરવા છતાં, ટ્રમ્પ ન તો રશિયા-યુક્રેન યુદ્ધ રોકી શક્યા અને ન તો તેઓ તેમની મનસ્વી ટેરિફ નીતિને વળગી રહ્યા. એ સાચું છે કે તેઓ પોતાની રીતે એક અનોખા રાષ્ટ્રપતિ છે અને ક્યારેક રાજદ્વારી શિષ્ટાચાર ભૂલી જાય છે, પરંતુ આનો અર્થ એ નથી કે ભારત તેમના અયોગ્ય દબાણ હેઠળ આવે.

ભારતીય વડા પ્રધાને એક મહત્વપૂર્ણ કામ પણ કર્યું કે તેમણે કેનેડાથી અમેરિકા આવવાના ટ્રમ્પના પ્રસ્તાવને નકારી કાઢ્યો. આવું કરવું જરૂરી હતું કારણ કે ટ્રમ્પ પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરને મળવાની તૈયારી કરી રહ્યા હતા, જે ખુલ્લેઆમ જેહાદી વિચારસરણી અને આતંકવાદને સમર્થન આપે છે. જો ટ્રમ્પ પોતાના અંગત હિતોને કારણે પાકિસ્તાનના પગલાં સ્વીકારે છે, તો તેમને અભિનંદન. તે સારું થયું કે ભારતીય વડા પ્રધાને તેમને એમ પણ કહ્યું કે ભારત હવે આતંકવાદને યુદ્ધ તરીકે જોશે. આ પાકિસ્તાનને સીધો સંદેશ પણ છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**ગુજરાત સરકારનો સૈધ્ધાંતિક નિર્ણય : જે હોસ્ટેલ ઈમારત પાસે ક્રેશ થયુ હતું તે બિલ્ડીંગનું ડીમોલીશન કરીને 'સ્મૃતિવન' જેવુ સ્મારક બનાવવા તૈયારી**

# ગ્રાઉન્ડ ઝીરો : અમદાવાદમાં વિમાન દુર્ઘટના સ્થળે હવે સ્મારક બનાવાશે

ગાંધીનગર,તા.૨૦

દેશભરમાં આઘાત અને શોકનું મોજુ સર્જી દેનારા અમદાવાદનાં વિમાન ક્રેશના બનાવ બાદ રાજય સરકારે દુર્ઘટનાગ્રસ્ત સ્થળે સ્મારક ઉભુ કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય લીધો છે.

આ વિમાન ક્રેશની ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૨ માંથી ૨૪૧ લોકો તથા જમીન પર ૩૩ લોકોના મોત થયા હતા. હજી કાટમાળ ફંફોળવા સાથે તપાસ ચલાવવામાં આવી જ રહી છે.

રાજય સરકારનાં ટોચ લેવલનાં સુત્રોએ જણાવ્યું હતું કે, એર ઈન્ડીયાનું એરહવાઈ ૧૭૧ વિમાન એરપોર્ટ સંકુલની બહાર મેઘાણીનગરનાં રહેણાંક વિસ્તારની જે હોસ્ટેલ ઈમારતમાં તૂટી પડયુ હતું તે ઈમારતનું ડીમોલીશન કરીને ત્યાં સ્મારક બનાવવામાં આવશે.



હોસ્ટેલની ઈમારત માટે અન્યત્ર જગ્યા ફાળવવામાં આવશે. ભયાનક અને આઘાતજનક દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોની યાદગીરી તથા તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરવાના ઈરાદે આ સ્મારક બનાવવાનું નકકી કરવામાં આવ્યું છે.

વિમાની દુર્ઘટનાને એક સપ્તાહનો સમય થઈ ગયો છે. સુરક્ષા સહીતની અનેક એજન્સીઓ હાલ દુર્ઘટનાસ્થળે તપાસ કરી રહી છે.પુરાવા અને માલસામાન એકત્ર કરવામાં આવી રહ્યા છે.

તપાસ સંપૂર્ણ રીતે પૂર્ણ થઈ ગયા બાદ વિમાન જે સ્થળે ક્રેશ થયુ હતું તે સ્થળે ક્રેશ થયુ હતું. તે ભાગ-ઈમારતનું ડીમોલીશન કરાશે અને તે સ્થળે જ સ્મારક બનાવવાની યોજના વિચારણામાં આવી છે.

વિમાન જયાં તૂટી પડયુ તે હોસ્ટેલ બિલ્ડીંગને બહુ મોટુ નુકશાન થયુ નથી. છતાં તે નબળુ પડી ગયાનું અને આંતરીક માળખાને નુકશાન હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત હોસ્ટેલમાં રહેતા મેડીકલ વિદ્યાર્થીઓની મનોસ્થિતિને પણ ધ્યાને લેવામાં આવી છે કારણ કે આ સ્થળે ફરી એવુ તેઓ માટે પણ મુશ્કેલ બની શકે છે.રાજયનાં આરોગ્ય વિભાગ દ્વારા વિસ્તૃત સર્વે કરીને હોસ્ટેલ ઈમારત માટે વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવશે. બીજે મેડીકલ કોલેજનાં કેમ્પસમાં જ નવી હોસ્ટેલનૂં નિર્માણ કરવાનો પણ વિકલ્પ છે.

સુચિત સ્થળ વિશે સુત્રોએ કહ્યું કે સ્મારક સ્થળે ખાસ ગાર્ડન તૈયાર કરાશે જયાં આવીને મુલાકાતીઓ શ્રધ્ધાંજલી અર્પણ કરી શકશે. અત્યારે તો દુર્ઘટના સંબંધી જુદી જુદી કામગીરી ચાલતી હોવાથી વિગતવાર પ્રોજેકટ પછી તૈયાર કરાશે. ભુજના સ્મૃતિવન જેવુ સ્મારક હોય શકે છે.વિમાન દુર્ઘટનામાં ભોગ બનેલા તમામ લોકોના નામો પણ લાવવામાં આવે તેવી શકયતા છે.

# મહેસાણા ખાતે ખારી નદીના બ્રીજની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનો (કોર્મશીયલ વાહનો) રૂટને ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર ખારી નદી પર હયાત જૂના બ્રિજની જગ્યાએ નવીન બ્રીજ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે આથી હયાત સી.સી.રોડ તેમજ નદી પર ડાયવર્ઝન બનાવેલ રસ્તા પર ભારે વાહનોના ચાલવાથી નુકશાન થાય તેમ છે. તેમજ ભારે વાહનો ચાલવાથી વારંવાર ટ્રાફીક જામ થવાની સંભાવના રહેલ છે. જેથી આ બ્રીજની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનોને ડાયવર્ઝન આપવા જણાવેલ છે. આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા મહેસાણા ખાતે ખારી નદીના બ્રીજની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચેના રૂટ ઉપર ભારે વાહનો (કોર્મશીયલ વાહનો) ને ડાયવર્ટ કરવા હુકમ ફરમાવેલ છે.



(૧) રામપુરા ચોકડી વિજાપુર હાઈવે તરફથી આવતા ભારે વાહનોને પાલનપુર અથવા મહેસાણા શહેરમાં પ્રવેશ કરવો હોય તો બેચરાજી ચોકડી થઈ બાયપાસ રોડ ઉપર સુવિધા સર્કલ થઈ નુગર સર્કલ થી મહેસાણા શહેરમાં પ્રવેશી શકશે અને પાલનપુર તરફ જતા ભારે વાહનો બાયપાસ રોડ થઈ પાલનપુર તરફ જવુ...

(૨) અમદાવાદ તરફથી આવતા ભારે વાહનો પાલનપુર અથવા મહેસાણા શહેરમાં પ્રવેશ કરવા સારૂ શીવાલા સર્કલ થી બાયપાસ રોક ઉપર સુવિલ સર્કલ થઈ નુગર સર્કલ થઈ મહેસાણા શહેરમાં પ્રવેશી શકશે અને પાલનપુર તરફ જતા ભારે વાહનો બાયપાસ રોડ થઈ પાલનપુર તરફ જવું...

(૩) પાલનપુર તરફથી આવતા ભારે વાહનો મહેસાણા શહેરમાં પ્રવેશ કરેલ હોય તો મોઢેરા સર્કલ થઈ નુગર સર્કલ થી અમદાવાદ તરફ જવું.

આ જાહેરનામાનો ગુજરાત રાજય વાહનવ્યવહાર નિગમની બસોને બાધ્ય આવશે નહી.

આ પ્રતિબંધિત હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ૧૩૫ તેમજ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**ગ્રહોનો રાઝ આપની આજ**




**મેષ:** આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.

**વૃષભ:** આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે. ઘરના પૂરા નહીં થયેલા કાર્યોથી અસ્વસ્થતા અનુભવી શકો છો. આવકના સ્ત્રોતમાં વધારો થશે.

**મિથુન:** આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં. કાર્ય વ્યવસાયથી લાભની પૂરેપૂરી સંભાવના છે

**કર્ક:** આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો, તેથી કોઈપણ કાર્ય વિચાર્યા પછી જ હાથમાં લેશો.

**સિંહ:** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો. જો તમે ધૈર્ય ગુમાવશો તો તમારા પરિવારના સભ્યો સાથે દલીલો થશે

**કન્યા:** આજનો દિવસ લાભકારક રહેશે. પ્રકૃતિ ચંચળ હશે. લોકોને તમારી હાજરીમાં હળવાશનો અનુભવ થશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં, છતાં નાણાકીય લાભ ક્યાંકથી અચાનક બનશે.

**તુલા:** આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે. ઘરના કોઈને આપેલ વચન પૂરા કરવામાં વિલંબ થશે, જેના કારણે અશાંતિ થઈ શકે છે.

**વૃશ્ચિક:** નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં સંયમ નહીં રાખો તો ખરાબ સ્વાસ્થ્ય તરફ દોરાઈ શકો છો.

**ધન:** આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. મનમાં ખોટ થવાના ડરને કારણે તમે કાર્યમાં ઉત્સાહ લાવી શકશો નહીં. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.

**મકર:** આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે. કુટુંબને તમારા વર્તનનો ઘમંડ ગમશે નહીં, વડીલોથી બચજો.

**કુંભ:** આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે. પરિવારના સભ્યો પણ કોઈક કારણસર ગુસ્સે થશે.

**મીન:** આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

**ફિલ્મી ગપશપ**

**જાહેરમાં વિશ્વાસ પર ખોટું બોલવાનો આરોપ લગાવ્યો : પોસ્ટ ડિલીટ કરવી પડી**

# સુચિત્રા કૃષ્ણમૂર્તિનું વિવાદાસ્પદ નિવેદન : પ્લેન ક્રેશમાં બચેલા વ્યક્તિને જૂઠા કહેવા બદલ અભિનેત્રી મુશ્કેલીમાં મુકાઈ





મુંબઈ, તા.૨૦

બોલિવૂડ ગાયિકા અને અભિનેત્રી સુચિત્રા કૃષ્ણમૂર્તિએ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ચમત્કારિક રીતે બચી ગયેલા એકમાત્ર મુસાફર વિશ્વાસ કુમાર રમેશ વિશે એવું નિવેદન આપ્યું કે તેનાથી સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો.

તેણીએ જાહેરમાં વિશ્વાસ પર ખોટું બોલવાનો આરોપ લગાવ્યો અને એમ પણ કહ્યું કે તેને માનસિક સારવારની જરૂર છે. જ્યારે મામલો ગરમાયો, ત્યારે તેણીએ તરત જ ટ્વિટ ડિલીટ કરી દીધું અને માફી માંગી.

હકીકતમાં, ૧૨ જૂનના રોજ અમદાવાદ વિમાન દુર્ઘટનામાં, જ્યાં ૨૭૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા, વિશ્વાસ કુમાર રમેશ એકમાત્ર વ્યક્તિ હતા જે આ ભયાનક દુર્ઘટનામાંથી જીવતા બહાર આવ્યા હતા.

આ ચમત્કારિક બચાવથી સમગ્ર દેશ ભાવુક થઈ ગયો. પરંતુ આ સમય દરમિયાન સુચિત્રા કૃષ્ણમૂર્તિએ એક વિવાદાસ્પદ ટ્વિટ કર્યું. જેમાં તેમણે દાવો કર્યો કે વિશ્વાસ જૂઠું બોલી રહ્યો છે અને તેનો વિમાન દુર્ઘટના સાથે કોઈ સંબંધ નથી.

તેમણે પ્રશ્ન ઉઠાવ્યો અને લખ્યું કે, શું કોઈએ ખરેખર પુષ્ટિ કરી છે કે વિશ્વાસ તે વિમાનમાં હતો? આ સાથે, તેમણે તેમની માનસિક સ્થિતિ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો અને લખ્યું કે જો આ જૂઠું છે તો વિશ્વાસને જેલ અથવા માનસિક આશ્રયમાં મોકલવો જોઈએ.

સુચિત્રાનું ટ્વીટ ખૂબ જ ઝડપથી વાયરલ થયું અને યુઝર્સ એ તેની ટીકા કરી. ઘણા પત્રકારો અને સામાન્ય લોકોએ પુરાવા સાથે અહેવાલ આપ્યો કે વિશ્વાસ ખરેખર વિમાનમાં હતા અને હોસ્પિટલ અને એર ઈન્ડિયા દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે.

લોકોએ સુચિત્રા પર બેજવાબદાર વલણ અપનાવવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે જે વ્યક્તિ પહેલાથી જ ઊંડા આઘાતમાંથી પસાર થઈ રહી છે તેના પર આવા આરોપો લગાવવા અત્યંત અમાનવીય છે.

**યોગ એ કસરત વિશે નહીં, પરંતુ આપણામાં, વિશ્વમાં તથા પ્રકૃતિમાં રહેલી એકરૂપતા શોધવા વિશે છે : નરેન્દ્ર મોદી**

# યોગ અભ્યાસ માટે ચેરમેન શીશુપાલજી એ કરેલા સામાન્ય સૂચનો જાણીએ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

'યોગ એ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા અપાયેલી એક અમૂલ્ય ભેટ છે. તેમાં મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા વચ્ચે રહેલી એકતા, મનુષ્ય અને પ્રકૃતિ મધ્યેની સંવાદિતા તથા આરોગ્ય અને સુખાકારી તરફ એક સકલ્યવાદી અભિગમનો સમાવેશ થાય છે. યોગ એ કસરત વિશે નહીં, પરંતુ આપણામાં, વિશ્વમાં તથા પ્રકૃતિમાં રહેલી એકરૂપતા શોધવા વિશે છે. આપણી જીવનશૈલીમાં ફેરફાર કરી તથા ચેતના ઉત્પન્ન કરીને તે આપણને આબોહવા પરિવર્તનનો સામનો કરવામાં મદદ થઈ શકે છે. ચાલો આપણે એક આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા તરફ કાર્ય કરીએ.'

તારીખ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભાને આ સંબોધિત કરતી વખતે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વસમુદાયને એક આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરી અને ૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ૧૯૩ સદસ્યોવાળી યુ.એન.જી.એ.એ આ દરખાસ્તને સર્વસંમતિ દ્વારા ૧૭૭ અપૂર્વ સહસ્પોન્સર દેશો સાથે મંજૂર કરી ૨૧ જૂનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે સ્થાપિત કરવા ઠરાવ કર્યો.



તેના ઠરાવમાં યુ.એન.જી.એ.એ સ્વીકાર્યું કે યોગ આરોગ્ય અને સુખાકારી માટે એક સાકલ્યવાદી અભિગમ પૂરો પાડે છે તથા વિશ્વવસ્તીનાં તમામ પહેલુંઓમાં સંવાદિતતા લાવે છે, માટે જ રોગનિવારણ, આરોગ્યવર્ધન તથા જીવનશૈલી સંબંધિત વિકૃતિઓના સંચાલનમાં મદદરૂપ થાય છે એમ ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશુપાલજી જણાવે છે.

આજે તા.૨૧ મી જૂને ૧૧ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે આધુનિક જીવનશૈલીમાં સંતુલન લાવી, સમગ્ર ધરતી અને માનવ કલ્યાણ માટે **"Yoga for One Earth , One Health"** આવો, યોગ દ્વારા એકતા, શાંતિ અને આરોગ્યના આ ભવ્ય પર્વમાં સહભાગી બની સમૂહ ચેતનાની અનુભૂતિ કરીએ આ વિચાર સાથે આપણે યોગને જીવનશૈલીનો ભાગ બનાવીએ. આ થીમ સાથે સમગ્ર વિશ્વ યોગ્ય દિવસ મનાવશે ત્યારે આપણે યોગ અભ્યાસ માટે ચેરમેનશ્રી શીશુપાલજી એ કરેલા સામાન્ય સૂચનો જાણીએ

આસન-પ્રાણાયામના અભ્યાસ માટે એકાંત, નીરવ, પવિત્ર અને મનોહર સ્થાન પસંદ કરવું જોઈએ. જ્યાં પવનની ગતિ તેજ હોય તેવી જગ્યાએ બેસીને અભ્યાસ ન કરવો જોઈએ. જો બંધ ઓરડામાં અભ્યાસ કરવાનો હોય, તો તાજી હવાની આવ-જાવ માટે બારીઓ ખુલ્લી રાખવી જોઈએ.

વાતાવરણને વધુ અનુકૂળ અને પ્રેરણાદાયી બનાવવા માટે અભ્યાસના સ્થાનમાં ઈષ્ટદેવ અથવા શ્રદ્ધેય ગુરુની છબિ કે મૂર્તિ રાખી શકાય. વાતાવરણને પ્રફુલ્લિત બનાવવા માટે ધૂપ-દીપ અને સુગંધી પુષ્પોનો ઉપયોગ કરી શકાય, પરંતુ ધૂપ કે અગરબત્તીનો ધુમાડો ઓરડામાં ભરાઈ ન રહે તેની કાળજી રાખવી જોઈએ. ધુમાડો ભરાઈ ન રહે તે માટે બની શકે તો અભ્યાસના અડધો કલાક પૂર્વે ધૂપ કે અગરબત્તી સળગાવી દેવી.

આસન-પ્રાણાયામના અભ્યાસ માટે પ્રાત:કાળનો સમય ઉત્તમ માનવામાં આવ્યો છે, તેમ છતાં સંધ્યાનો સમય ઉચિત અને અનુકૂળ માનવામાં આવે છે. સમય ભલે અનુકૂળ પસંદ કરવામાં આવે, પરંતુ એને નિયમિત રીતે નિભાવવો આવશ્યક છે. પ્રાત:કર્મોથી પરવાર્યા બાદ, પૂર્વાભિમુખ કે ઉત્તરાભિમુખ બેસીને આસન પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ.

**યોગનો અભ્યાસ કરતાં પૂર્વે કેટલાક પરિભાષિક શબ્દો સમજવા જોઈએ. એવા શબ્દો અને તેમના અર્થો આ મુજબ છે**

**પૂરક:** વાતાવરણમાંથી વાયુ ફેફસામાં ભરવાની ક્રિયા (શ્વાસ)

**રેચક :** ફેફસામાં ભરેલો વાયુ બહાર કાઢવાની ક્રિયા (ઉચ્છવાસ)

**કુંભક:** શ્વાસોચ્છવાસની ગતિને અટકાવી વાયુ રોકવાની ક્રિયા

**આંતરકુંભક:** પૂરકને અંતે ફેફસામાં વાયુને રોકી રાખવાની ક્રિયા.

**બાહ્ય કુંભક:** રેચકને અંતે વાયુને બહાર રોકી રાખવાની ક્રિયા.

**સૌજન્ય – કોમન યોગ પ્રોટોકોલ રજૂઆત -હેમલત્તા**

યોગ અભ્યાસ માટે ૩ ફૂટ પહોળું અને ૬ ફૂટ લાંબુ આસન રાખવું જોઈએ. તે વધુ પડતું નરમ કે જાડુ ન હોવું જોઈએ. ત્રણ ગળી વાળેલો ધાબળો અથવા જાડી શેતરંજી અભ્યાસ માટે ઉપયોગમાં લઈ શકાય. મિતાહાર, સંયમ અને નિયમિત ઊંઘ આસન-પ્રાણાયામના અભ્યાસ માટે આવશ્યક છે.હંમેશા ખાલી પેટે અભ્યાસ કરવો જોઈએ. મૂત્રાશય અને આંતરડા પણ ખાલી હોવા જોઈએ. ભોજનના પાંચ કલાક પછી અને પ્રવાહી ખોરાક લીધો હોય તો એક કલાક પછી આસન-પ્રાણાયામનો અભ્યાસ કરી શકાય, અભ્યાસ કર્યા પછી અડધા કલાકની કે પોણા કલાકની વિશ્રાંતિ બાદ ભોજન કે પ્રવાહી લઈ શકાય.

મળાવરોધ, બેચેની કે રોગની સ્થિતિમાં આસન-પ્રાણાયામનો અભ્યાસ ન કરવો જોઈએ.બહેનોથી ગર્ભાવસ્થા દરમ્યાન અને પ્રસૂતિ બાદ તબીબ અને નિષ્ણાત યોગ-ચિકિત્સકની સલાહ મુજબ આસન-પ્રાણાયામનો અભ્યાસ કરી શકાય, પરંતુ માસિક ધર્મના ૪ થી ૬ દિવસ અભ્યાસ ન કરવો જોઈએ.

આસન-પ્રાણાયામના અભ્યાસ દરમ્યાન વસ્ત્રો પહોળાં, ઢીલાં અને ઓછાં પહેરવા જોઈએ, જેથી મુક્ત રીતે હલનચલન થઈ શકે.

અભ્યાસ દરમ્યાન પસીનો થાય તો સ્વચ્છ વસ્ત્ર અથવા રૂમાલથી લૂછી નાખવો જોઈએ. અભ્યાસ પૂરો કર્યા પછી લગભગ ૨૦-૩૦ મિનિટ પછી, સહેજ હૂંફાળા પાણીથી સ્નાન કરવું જોઈએ. ભોજન પણ તરત બાદ ન કરવું, ૨૦-૩૦ મિનિટ બાદ જ કરવું.

## દર વર્ષની જેમ અખાડા, ભજન મંડળી, શણગારેલા ટ્રકોની સાથે ભવ્યતાથી રથયાત્રા નીકળશે : મંદિર ટ્રસ્ટ

# અમદાવાદમાં ભગવાન જગન્નાથની રથયાત્રા રંગેચંગે નીકળશે : સાદાઇથી નીકળવાની અટકળોનો અંત

અમદાવાદ, તા. ૨૦

આ વર્ષે અમદાવાદમાં રથયાત્રા સાદાઈથી નીકળશે તેવી અટકળોનો અંત આવ્યો હતો. મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ સ્પષ્ટતા કરી છે કે, ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા પરંપરાગત રીતે નીકળશે.

ભગવાનની યાત્રા સાદગીપૂર્ણ રીતે નીકળવાની વાતમાં તથ્ય નથી. દર વર્ષની જેમ અખાડા, ભજન મંડળી અને શણગારેલી ટ્રકો સાથે રથયાત્રા નીકળવાની છે. રાજ્ય સરકાર અને જગન્નાથ મંદિરના ટ્રસ્ટીની સાથે રથયાત્રાની તૈયારીઓને લઈને બેઠક કરવામાં આવી હતી,જેમાં દર વર્ષની જેમ પરંપરાગત રીતે જ રથયાત્રા નીકળે છે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે.

મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ કહ્યું હતુ કે દર વર્ષની જેમ પરંપરાગત રૂટ ભવ્ય રીતે રથયાત્રા નીકળશે. રથયાત્રા કોઈ મનોરંજનની યાત્રા નથી. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે, ભગવાન જગન્નાથજીની યાત્રા સાદગીપૂર્ણ રીતે થવાની વાત હતી જે કોઈ વાતમાં તથ્ય નથી.

રાજ્ય સરકાર અને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવી છે. જેમાં પોલીસ બંદોબસ્ત અને રથયાત્રાના આયોજન અંગે બેઠક



કરી છે. મંદિર પ્રશાસન તરફથી દર વર્ષે જે રીતે પરંપરા મુજબ રથયાત્રા નીકળે છે તે મુજબ તૈયારીઓ કરવામાં આવી છે.

બીજી તરફ અમદાવાદમાં ૧૪૮મી રથયાત્રાને લઈ તડામાર તૈયારી શરૂ થઇ ગઇ છે. મેયર સહિત પદાધિકારીઓએ રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ નિરીક્ષણમાં જોડાયા હતા. જગન્નાથ મંદિરથી સરસપુર સુધીના રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

રથયાત્રા પહેલા ડિવાઈડરનું સમારકામ કરવા સૂચના આપવામાં આવી હતી. જર્જરિત મકાનો ઉતારી લેવા એસ્ટેટ વિભાગને આદેશ અપાયો હતો. કાલુપુર રેલવે સ્ટેશનના નવીનીકરણના કારણે રથયાત્રાને અસર ન થાય તે અંગે તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

આ વર્ષે ૨૨, ભગવાનના મોસાળમાં મામેરાના દર્શન કરી શકાશે.

વધુ હરિભક્તો મામેરાના દર્શન કરી શકે તે માટે સમયમાં ફેરફાર કરાયો છે. સવારે ૧૧ થી સાંજના આઠ વાગ્યા સુધી મામેરાના દર્શનનો હરિભક્તો લાભ લઈ શકશે. ભગવાન જગન્નાથજીના મોસાળમાં રંગે ચંગે ભાણેજનું મામેરૂ કરવામાં આવશે.

---

## ૨૦૪ મૃતદેહો - પરિવારજનોને સોંપાયા : હજુ કામગીરી ચાલુ

# વિમાન દુર્ઘટના : વધુ બે ઘાયલોના મોત : ૨૨૩ મૃતકોના ડીએનએ મેચ થઈ ગયા

અમદાવાદ,તા.૨૦

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ૨૦ જૂનના રોજ સવારે ૧૧:૫૦ વાગ્યા સુધીમાં ૨૨૩ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. ૨૨૦ સગાનો સંપર્ક કરવામાં આવ્યો છે. જેમાંથી ૨૦૨ પરિવારોને તેમના સ્વજનોના પાર્થિવ દેહ સોંપાવામાં આવ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા (૨)બે વ્યક્તિનું નિધન થતા તેમના મૃતદેહ પણ પરિજનોને સોંપવામાં આવ્યા છે. આમ, કુલ ૨૦૪ મૃતદેહ સિવિલ હોસ્પિટલ ખાતેથી સોંપવામાં આવ્યા છે.

આ અંગે વિગતો આપતા ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે,



૨૨૩ મૃતકો કે જેમના ઙ્ગઙ્ગછ મેચ થયા છે તેમાં ૧૬૮ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૩૬ બ્રિટિશ નાગરિક, ૦૧ કેનેડિયન તેમજ ૧૧ નોન-પેસેન્જર એટલે કે સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું કે, ૧૫ જેટલા પાર્થિવ દેહને હવાઈ માર્ગે, જ્યારે ૧૮૯ જેટલા પાર્થિવ દેહોને સડક માર્ગે તેમના નિવાસસ્થાને પહોચાડવામાં આવ્યા હતા.જે ૨૦૪ મૃતદેહો સોંપવામાં આવ્યા છે.

તેમાંથી ૭ ઉદયપુર, વડોદરા ૨૧, ખેડા ૧૧, અમદાવાદ ૫૮, મહેસાણા ૬, બોટાદના ૧, જોધપુર ૧, અરવલ્લી ૨, આણંદ ૨૧, ભરૂચ ૭, સુરત ૧૧, પાલનપુર ૧, ગાંધીનગર ૬, મહારાષ્ટ્ર ૨, દીવ ૧૪, જુનાગઢ ૧, અમરેલી ૨, ગીર સોમનાથ ૫, મહીસાગર ૧, ભાવનગર ૧, પટના ૧, રાજકોટ ૩, મુંબઈ ૯, નડિયાદ ૧, જામનગર ૨, પાટણ ૨, દ્વારકા ૨, સાબરકાંઠા ૧, નાગાલેન્ડ ૧, લંડનમાં ૨ અને મોડાસામાં ૧ મૃતદેહ મોકલવામાં આવ્યા છે,

---

## વિમાન દુર્ઘટનામાં ૨૭૦ થી વધુ લોકોના મોત થયેલા : મૃતદેહો સોંપવાની તેમજ અન્ય કામગીરી પૂર્ણ

# અમદાવાદની પ્લેનક્રેશની કરૂણાંતિકાને એક સપ્તાહ પૂર્ણ : અત્યાર સુધીમાં ૩૧૮ માનવ અંગો મળી આવ્યા

અમદાવાદ,તા.૨૦

શહેરના મેઘાણીનગર આઈજીપી કંપાઉન્ડમાં આવેલી મેસ અને મેડિકલ હોસ્ટેલ પર પ્લેન ક્રેશ થવાની ઘટનાને એક સપ્તાહ પૂર્ણ થયુ છે. ત્યારે હવે પોલીસ દ્વારા તપાસને લગતી, મૃતદેહો સોંપવાની તેમજ અન્ય કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

પ્લેન ક્રેશ થવાની ઘટનામાં અમદાવાદ પોલીસે અન્ય એજન્સીઓ સાથે મળીને કરેલી કામગીરીની નોંધ ઉચ્ચ કક્ષાએ લેવામાં આવી છે. જેમાં પ્લેન ક્રેશની ઘટના બાદ ઈજાગ્રસ્તોને લઈ જવા તેમજ ફાયરબ્રિગેડના વાહનોને ઘટના સ્થળે પહોંચતા કરવા માટે પોલીસ દ્વારા ખાસ કોરીડોર તૈયાર કરાયો હતો.

આ સાથે સ્થળ પરથી મૃતદેહોનો પોસ્ટમોર્ટમ માટે મોકલવાની કામગીરી અને ડીએનએ સેમ્પલ ગાંધીનગર સુધી પહોંચતા કરવાની કામગીરી માટે પણ ખાસ ટીમ તૈયાર કરવામાં આવી હતી.

મેઘાણીનગરમાં ગત ૧૨મી જુનના રોજ એર ઈન્ડિયાનું વિમાન તૂટી પડવાની ઘટનામાં રેસ્ક્યૂ અને તપાસની કામગીરી અંગે પોલીસ કમિશનર જી એસ મલિકે જણાવ્યું કે પ્લેન ક્રેશ થવાનો મેસેજ બપોરે ૧.૪૦ કલાકે પોલીસ કંટ્રોલ રૂમ પર આવ્યો હતો.

ત્યારબાદ બે થી ત્રણ મિનિટમાં ડીજીપી, ગૃહમંત્રી અને ગૃહવિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. આ દરમિયાન ૧.૫૫ કલાકે ડીસીપી ક્રાઈમ અને ડીસીપી ઝોન-૪ તેમજ અન્ય પોલીસનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો.

આગની ઘટનામાં ફાયરબ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સમયસર પહોંચી શકે તે માટે ઉચ્ચ અધિકારીઓ માત્ર પાંચ થી સાત મિનિટમાં ગ્રીન કોરીડોરનો પ્લાન તૈયાર કરીને તેનો અમલ શરૂ કરી દીધો હતો. જેના કારણે બચાવ કામગીરી ખૂબ ઝડપી બની હતી.

આ દરમિયાન એનડીઆરએફ , એસએડીઆરએફ અન્ય પેરામીલેટરી ફોર્સના સ્ટાફની મદદ મળતા કાટમાળમાંથી મૃતદેહો હટાવવાની કામગીરી ઝડપી થઇ હતી.

પોલીસ માટે ઘટના સ્થળ અને સિવિલ હોસ્પિટલ પર બંદોબસ્ત ગોઠવવો ખુબ મહત્ત્વનો હતો. જેથી જેસીપી ક્રાઈમની સુપરવિઝનમાં સિવિલ હોસ્પિટલમાં એક હજારથી વધુ પોલીસ કર્મીઓને ગણતરીની મિનિટોમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

પોલીસ અને અન્ય એજન્સીઓની મદદથી સ્થળ પર કરવામાં આવેલી તપાસમાં કુલ ૩૧૮ માનવ અંગો મળી આવ્યા હતા. મૃતકોની ઓળખ થાય તે માટે ડીએનએ સેમ્પલ ઘટનાના ૧૧ કલાકમાં ગાંધીનગર એફએસએલ પહોંચતા કરવાની કામગીરી કરવામાં આવી હતી. અકસ્માતની ઘટના બની ત્યારે કુલ છ મૃતદેહો તાત્કાલિક ઓળખાયા હતા. જે ૧૨ કલાકમાં તેમના પરિવારજનોને સુપરત કરાયા હતા.

---

# ગુજરાતભરમાં આજે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગદિવસને વ્યાપક જનભાગીદારીથી ઉજવણી કરવામાં આવશે

વૃક્ષારોપણ કાર્યક્રમ જેવો આજનો કાર્યક્રમ ના બની જાય તેની કાળજી રાખવી વૃક્ષારોપણ કાર્યક્રમ દરમિયાન વૃક્ષને વાવી તેના ફોટા સમાચાર રૂપે બીજા દિવસે પ્રસિધ્ધ થાય અને પાંચમા દિવસે એ વૃક્ષારોપણ કરેલ વૃક્ષને પશુ ચરી ગયા હોય કે પાણી વિના સુકાઈ ગયું હોય..મિત્રો, વૃક્ષા રોપણ સાથે તેના ઉછેર જતન માટે સંકલ્પ કરવો જોઈએ. આજના દિવસે પણ હું રોજ યોગ કરી મારા શરીર મનને તંદુરસ્ત રાખી આ યોગ વિશે બીજાને જાગૃત કરવા પુરો પ્રયત્ન કરીશ. આજે તા.૨૧ જૂન ૨૦૨૫ શનિવારના આપણે યોગ દિવસે યોગ બાબતે જોઈએ તો તા.૨૧ જૂન ૨૦૧૫ના રોજથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગદિવસ ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં સંયુકતરાષ્ટ્ર મહા સભામાં યોગ દિવસની વિધિવત જાહેરાત થયા પછી વર્ષ૨૦૧૫થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી.યોગએક શારીરિક,માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે, જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રના સંબોધન માં ૨૧ જૂનની તારીખ સૂચવી હતી કારણ કે તે ઉત્તર ગોળાર્ધમાંવર્ષનો સૌથી લાંબો દિવસ છે અને વિશ્વના ઘણા ભાગોમાં તેનું વિશેષ મહત્વ છે.શ્રી શ્રી રવિશંકર દ્વારા શરૂઆતમાં પ્રસ્તાવિત આંતર રાષ્ટ્રીયયોગ દિવસના વિચારને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તારીખ ૨૭/૦૯/૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં તેમના ભાષણ દરમિયાન પ્રોત્સાહન આપ્યું હતું. એમણે કહ્યું:×યોગ એ ભારતની પ્રાચીન પરંપરાની એક અમૂલ્ય ભેટ છે. તે મન અને શરીર;વિચાર અને ક્રિયા સંયમ અને પરિપૂર્ણતા મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમની એકતાને મૂર્તિમંત કરે છે. તે ફક્ત કસરત વિશે નથી, પરંતુ તમારી જાત



યશપાલસિંહ ટી.વાઘેલા


દરબાર ગઢ થરા

સાથે,વિશ્વ અને પ્રકૃતિ સાથે એકતાની ભાવના શોધવાની છે. આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને અને ચેતનાનું સર્જન કરીને તે સુખાકારીમાં મદદરૂપ થઈ શકે છે.ચાલો આપણે આંતર રાષ્ટ્રીય યોગદિવસનેઅપનાવવાની દિશામાં કામ કરીએ.×નરેન્દ્ર મોદી, યુએન જનરલ એસેમ્બલી.

આ પ્રારંભિક દરખાસ્તને પગલે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૧૪ના રોજ ×યોગ દિવસ× શીર્ષક હેઠળ ખરડો પસાર કર્યો હતો. ભારતના પ્રતિનિધિમંડળ દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો.વર્ષ ૨૦૧૫માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે દશ રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો એપ્રિલ,૨૦૧૭માં યુએન પોસ્ટલ એડમિનિસ્ટ્રેશન (યુએનપીએ)એ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે વિવિધ યોગ આસનો દર્શાવતી ૧૦ ટપાલ ટિકિટની એક શીટ બહાર પાડી હતી.યોગનો અર્થ થાય છે (બ્રહ્માંડ સાથેનું) જોડાણ.

યોગએ વ્યક્તિ જેનો એકભાગછે તેને બ્રહ્માંડ સાથે સભાનતા પૂર્વક ‘વ્યક્તિગત સ્વ‘નેજીવંતઅસ્તિત્વ ને જોડવાની રીત સૂચવે છે.હિન્દુ દંતકથાઓ અનુસાર,શિવને યોગ ના કારક માનવામાં આવે છે.તેઓ આદિ યોગી,પ્રથમ યોગી (આદિ ×પ્રથમ×) હોવાનું કહેવાય છે. યોગિક સંસ્કૃતિમાં ગ્રીષ્મ અયન કાળનું મહત્વ છેકારણકે તેને યોગ ની શરૂઆત માનવામાં આવે છે. ×સપ્તર્ષિઓ×દ્વારા લોકો સુધી યોગ લાવવામાં આવ્યો હતો. વેદો સમજાવે છે કે આદિયોગી તરીકે શિવનો બીજો ઉપદેશ સપ્તર્ષિઓ ને કેવી રીતે સમર્પિત હતો.એવું કહેવામાંઆવે છે કે શિવ વર્ષોથી આનંદિત ધ્યાન માં બેઠા હતા, ઘણા લોકો કુતૂહલથી તેમની પાસે ઉમટ્યા,પરંતુ તેમણે ક્યારેય કોઈ ની તરફ ધ્યાન ન આપ્યું હોવાથી તેઓ ચાલ્યા ગયા.પરંતુ સાત લોકો ત્યાં જ રહ્યા,તેઓ શિવ પાસેથી શીખવા માટે એટલા દૃઢ નિશ્ચયી હતા કે તેઓ ચોર્યાસી વર્ષ સુધી સ્થિર રહ્યા.આ પછી, ઉનાળાના અયન કાળના દિવસે, જ્યારે સૂર્યઉત્તરથી દક્ષિણ તરફ સ્થળાંતર કરી રહ્યો હતો,ત્યારે શિવે આ જીવોની નોંધ લીધી. શિવ હવે તેમને અવગણી શકે તેમ નહતા.એ પછીનો પૂર્ણિમાનો ચંદ્ર એટલેકે ૨૮ દિવસ પછી શિવ આદિગુરુ (પ્રથમ ગુરુ) બની ગયા અને સપ્ત ઋષિઓ સુધી યોગ વિજ્ઞાનનો સંચાર કર્યો.

૧૧ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ભારતના કાયમી પ્રતિનિધિ અશોક મુખરજીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રસ્તાવના મુસદ્દાને રજૂ કર્યો હતો. આ




મુસદ્દાના લખાણને ૧૭૭ સભ્ય રાષ્ટ્રોનો વ્યાપક ટેકો મળ્યો હતો, જેમણે આ લખાણને પ્રાયોજિત કર્યું હતું, જેને મત વિના અપનાવવામાં આવ્યું હતું. આ પહેલને ઘણા વૈશ્વિક નેતાઓનો ટેકો મળ્યો. કુલ ૧૭૭ દેશોએ આ ઠરાવને સહ- પ્રાયોજિત કર્યો હતો,જે આ પ્રકારના યુએનજીએ ઠરાવ માટે સહ-પ્રાયોજકોની સૌથી વધુ સંખ્યા છે.

૨૧ જૂનને તારીખ તરીકે રજૂ કરતી વખતે નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ તારીખ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે (દક્ષિણ ગોળાર્ધમાં સૌથી ટૂંકો),જે વિશ્વના ઘણા ભાગોમાં વિશેષ મહત્વ ધરાવે છે. ભારતીય કેલેન્ડરોમાં, ઉનાળો અયનકાળ દક્ષિણાયણમાં સંક્રમણને ચિહ્નિત કરે છે. ઉનાળાના અયનકાળ પછીની બીજી પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. હિન્દુ પૌરાણિક કથાઓમાં આદિ યોગી શિવે આ દિવસે માનવજાત ને યોગનું જ્ઞાન આપવાનું શરૂ કર્યું હોવાનું કહેવાય છે.

સંયુકત રાષ્ટ્રના ઠરાવને સ્વીકાર્યા બાદ,ભારતમાં આધ્યાત્મિક ચળવળના કેટલાક નેતાઓએ આ પહેલ માટે પોતાનો ટેકો આપ્યો હતો. ઈશા ફાઉન્ડેશનના સ્થાપક, સદ્ગુરુએ જણાવ્યું હતું કે, ×માનવીની આંતરિક સુખાકારી માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે આ એક પ્રકારનો શિલાન્યાસ હોઈ શકે છે, જે વિશ્વવ્યાપી વસ્તુ છેપદુનિયા માટે આ એક જબરદસ્ત પગલું છે. ×આર્ટ ઓફ લિવિંગના સ્થાપક રવિશંકરે મોદીના પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, ×કોઈ પણ ફિલસૂફી,ધર્મ કે સંસ્કૃતિ માટે રાજ્યના આશ્રય વિના ટકી રહેવું ખૂબ જ મુશ્કેલ છે. યોગ અત્યાર સુધી લગભગ એક અનાથની જેમ અસ્તિત્વમાં હતો. હવે, યુએન દ્વારા સત્તાવાર માન્યતાથી યોગનો લાભ સમગ્ર વિશ્વમાં વધુ ફેલાશે.×

ગુજરાતભરમાં આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને વ્યાપક જનભાગીદારીથી ઉજવવાનું વિસ્તૃત કાર્ય આયોજન રાજ્ય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા રાજ્ય યોગ બોર્ડના સહયોગથી હાથ ધરવામાં આવ્યું છે.

આ વર્ષે રાજ્ય ભરમાંથી અંદાજે ૧ કરોડ ૫૦લાખથી વધુ નાગરિકો ની સહભાગીતાથી યોગ દિવસ ઉજવવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે.યોગ દિવસ-૨૦૨૫ની ઉજવણીના કાઉન્ટડાઉન અન્વયે અત્યાર સુધીમાં જુનાગઢ, પોરબંદર, સુરત, વડોદરા અને અમદાવાદ ઉપરાંત જિલ્લા- તાલુકા કક્ષાએ અંદાજે એક હજારથી વધુ વ્યક્તિઓની ક્ષમતાના ૩૫થી વધુ કાર્યક્રમો કરવામાં આવ્યા છે.

રાજ્યભરમાં યોગ પ્રત્યેનું પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ થાય અને વધુને વધુ લોકો ૨૧મી જૂને યોગ દિવસમાં જોડાય તે હેતુસરતા.૧૫ થી ૨૦ જૂન-૨૫ દરમિયાન દરેક જિલ્લાઓમાં કોમનયોગ પ્રોટોકોલના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. એટલું જ નહીં, પોલીસ તંત્ર દ્વારા યોગ રેલી અને યોગ સત્રનું આયોજન, ગ્રામસભાઓના આયોજનથી ગ્રામીણ સ્તરે પણ યોગનો પ્રચાર, નગરપાલિકા- મહાનગરપાલિકા કક્ષાએ વોર્ડ તેમજ બગીચા અને જાહેર સ્થળોએ આવા કોમન યોગ પ્રોટોકોલ કાર્યક્રમો પાર પાડવામાં આવ્યા છે.

રાજ્યના જિલ્લા મથકો, નગરો- મહાનગરોમાં સ્થાનિક આઈકો નિક સ્થળો પસંદ કરીને યોગ કાર્યક્રમ યોજવાનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની વતન ભૂમિ વડનગરમાં શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ મંદિર, તાના- રીરી ગાર્ડન, કીર્તિ તોરણ, પ્રેરણા સ્કૂલ, વડનગર રેલ્વે સ્ટેશન તથા વડનગર મ્યુઝિયમ, પ્રેરણા સ્ટ્રીટ, વોચ ટાવર, હાથી દેરાસર અને બી.એન.શાહ હાઈસ્કૂલ એમ ૧૧ આઈકોનિક સ્થળો પર યોગ અને સૂર્યનમસ્કારના કાર્યક્રમો યોગ દિવસ કાઉન્ટડાઉનરૂપે યોજવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જન-જનને યોગ સાથે જોડીને સ્વસ્થ-તંદુરસ્ત રહેવાનું જે આહવાન કર્યું છે તેને ૧૧માં વિશ્વ યોગ દિવસે સાકાર કરવા ગુજરાતે ગ્રામ્ય કક્ષાથી લઈને મહાનગરો સુધી જન ભાગીદારી સાથે યોગ કાર્યક્રમનું વ્યાપક આયોજન કર્યું છે.

તદ્અનુસાર,૧૮,૨૨૬ ગ્રામ પંચાયતો અને ૨૫૧ તાલુકા પંચાયતો ખાતે પણ યોગ દિવસ ની ઉજવણીમાં અંદાજે ૧૦.૪૦ લાખ લોકોને જોડવાનું આયોજન છે.

શાળા કોલેજોના છાત્રો પણ આ યોગ દિવસે ઉત્સાહપૂર્વક સહ ભાગી થાય તે માટે ૪૫ હજાર પ્રાથમિક શાળાઓ, ૧૨,૫૦૦ માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ તેમજ ૨૬૦૦ કોલેજ અને ૩ યુનિવર્સિટી મળી૬૦,૧૦૦ સ્થળોએ શિક્ષકો-વિદ્યાર્થીઓ મળીને અંદાજે ૫.૭૩ લાખ લોકો યોગમય બનશે.

આ ઉપરાંત રાજ્યની ૨૮૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ૧૪૭૭ પી.એચ.સી., ૬૫૦૦ વેલનેસ સેન્ટર્સ, ૩૦ જેલ, ૩૩ પોલીસ હેડક્વાટર્સ અને ૧૧૫૨ પોલીસ મથકો ખાતે પણ યોગ દિવસ ઉજવવામાં આવશે. રાજ્યમાં ૧૦૦ જેટલા અમૃત સરોવરના સ્થળોએ પણ સામુહિક યોગ કાર્યક્રમ યોજાશે.ગુજરાતે ગત વર્ષે ૧૦મા વિશ્વ યોગદિવસની ઉજવણીમાં ૧ કરોડ ૩૧ લાખ લોકોની સહભાગીતાથી અગ્રેસરતા મેળવી હતી.આ વર્ષે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ના ઉપલક્ષામાં વડનગરના સર્મિષ્ઠા તળાવ ખાતે ભુજંગાસનમાં નવો વર્લ્ડ રેકર્ડ પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય ગુજરાતે રાખ્યુ છે.યોગ દેખાદેખી પુરતા નહી પણ આરોગ્ય માટે કરીશ.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી યોગ દિવસની શુભ કામનાઓ સાથે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## ડીસા શહેરમાં પાલિકાએ લગાવેલ સીસીટીવી કેમેરા શોભાના ગાંઠિયા સમાન

# આમ આદમી પાર્ટીના સભ્ય વિજયભાઈ દવે સીસીટીવી કેમેરા ચાલું કરવા માટે કરી ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત

### પાલિકા દ્વારા જનતાના ટેક્સના લાખો રૂપિયાનો ખર્ચ કરી લગાવ્યા હતા સીસીટીવી કેમેરા

### નગરપાલિકા કચેરી ખાતે ઉભો કરવામાં આવેલ કંટ્રોલ રૂમ પણ બંધ કરાયો

(ગરવી તાકાત) ડીસા તા.૨૦

ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પારદર્શક વહીવટની પોલ ખોલી રહી છે જ્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાડવામાં આવેલ જાહેરનામાની અમલવારી માત્ર કાગળ પર દેખાડવામાં આવી રહી છે બનાસકાંઠા જિલ્લામાં જાહેર જનતાની સુરક્ષા અને સલામતી માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફરજિયાત સીસીટીવી કેમેરા ગોઠવા માટેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું પરંતુ ડીસા શહેરમાં જાણે કોઈ નિયમ કાયદા અને જાહેરનામાથી કોઈ મતલબ ન હોય તેવું દેખાઈ રહ્યું છે ત્યારે ડીસા શહેર અત્યારે રામ ભરોસે જોવા મળી રહી છે.

જાહેર જનતાની સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા પર સવાલો ઉભા થઇ રહ્યા છે ડીસા નગરપાલિકાના અગાઉ પ્રમુખ અને હાલના ધારાસભ્ય પ્રવીણભાઈ માળી દ્વારા દ્વારા જનતાની સુરક્ષા માટે ઠેરઠેર જનતાના ટેક્સના કરોડો રૂપિયાના ખર્ચે ટેન્ડર બહાર પાડીને સીસીટીવી કેમેરા ગોઠવવા આવ્યા હતાં દર વર્ષે કોન્ટ્રાકટરને બિલ પણ ચુકવાતા હતાં પરંતુ સમય જતાં પાલિકામાં આવેલ પ્રમુખોના મેનેજમેન્ટના અભાવે આજે શહેરના રાજમાર્ગો પર લગાવેલ સીસીટીવી કેમેરા શોભાના ગાંઠિયા સમાન ઉભા હોય તેવું દેખાઈ રહ્યું છે અને તમામ કેમેરા બંધ હાલતમાં નજરે પડી રહ્યા છે.

પાલિકા કચેરી ખાતે સીસીટીવી કેમેરાના ઉભો કરવામાં આવેલ કંટ્રોલ રૂમ પણ બંધ કરી દેવામાં આવ્યો છે અને કંટ્રોલ રૂમમાં ગોઠવવામાં આવેલ એલએડી પણ નજરે પડતી નથી ત્યારે શહેરીજનોની સુરક્ષા જોખમમાં મુકાતાં વિપક્ષના સભ્ય અને વોર્ડ નં ૪ ના આમ આદમી પાર્ટીના સભ્ય વિજયભાઈ દવે દ્વારા શહેરમાં બંધ પડેલ સીસીટીવી કેમેરા તાત્કાલિક અસરથી ચાલું કરાવામાં આવે તેવી માંગ સાથે ચીફ ઓફિસર સમક્ષ લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.





**ડીસા શહેરમાં શહેરજનોની સુરક્ષા જોખમમાં મૂકાઈ છે ત્યારે પાલિકાના ચુંટાયેલાએક માત્ર સભ્યે સીસીટીવી કેમેરા ચાલું કરવા માટે ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.**

**ડીસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી મજબુત થાય અને ગુનાહિત પ્રવૃતિઓમાં ઘટાડો થાય સાથે શહેરજનોની સુરક્ષા માટે રાજય સરકારે ડીસા શહેરમાં નેત્રમ કેમેરા લગાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે પરંતુ નેત્રમ કેમેરા લગાવાની કામગીરી કરતી એજન્સી ગોકળ ગતિએ ચાલી રહી હોવાથી હાલમાં શહેરીજનોની સુરક્ષા જોખમમાં મૂકાઈ રહી હોય તેવું દેખાઈ રહ્યું છે.**

## સંક્ષિપ્ત સમાચાર

### તમામ આવેદન પત્રો ચકાસણી પછી માન્ય

## થરા માર્કેટ યાર્ડ સામાન્ય ચુંટણી માટે એંસી આવેદન પત્રો ભરાયા

(ગરવી તાકાત) થરા તા.૨૦

ગુજરાત વિધાનસભા કડી વિસાવદરની પેટા ચુંટણી ગઈકાલે યોજાઈ,ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી રવિવારે થશે એ પુરી થયા બાદ બનાસકાંઠા જિલ્લાના અગ્રેસર કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા માર્કેટ



યાર્ડની સામાન્ય ચૂંટણીના તા.૨૦/૩/૨૫ ના રોજ ડો.પ્રતીક ઉપાધ્યાય નિયામક ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા બહાર પડેલ જાહેરનામ અનુસાર ગુજરાત ખેત ઉત્પન્ન અને બજાર,(પ્રમોશન એન્ડ કન્સીલી ટેશન) અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧ માં કરેલ જોગવાઈ અનુસાર હાલની કમિટીની મુદત પૂર્ણ થયેલ કમિટીની સામાન્ય ચૂંટણીની ૧૦+૪+૨ બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરેલ તેઅનુસંધાને તા.૧૯/૦૬/૨૦૨૫ના સવારે ૧૧ થી ૬ વાગ્યા સુધીમાં ખેડૂત મત વિભાગ અને વેપારીમાં વિભાગના કુલ ૧૦ + ૦૪ કુલ ૧૪ બેઠકો માટે ૬૯ + ૧૧ એમ કુલ ૮૦ ફોર્મ ભરાયા હતા આ તમામ ફોર્મની ચકાસણી તા ૨૦/૦૬/ ૨૦૨૫ના રોજ થયેલ જેમાં ખેડૂત વિભાગ ના ૬૯ તથા વેપારી વિભાગનાં ૧૧ એમ તમામ આવેદનપત્રો માન્ય રહયા હતા . આવેદનપત્રો પાછા ખેંચવાના તા.૨૩/૦૬/૨૫ સોમવારના ત્રણ વાગ્યા સુધી છે.એટલે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સહકારી મંડળીઓ અને ખરીદ વેચાણની બે બેઠકો માટે કોર્ટ કાર્યવાહી ચાલતી હોઈ તેનો જે નિર્ણય ચુકાદો આવ્યા પછી તે અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે આ ચૌદ બેઠકો માટે ચુંટણી મતદાન તા. ૩૦/૦૬/૨૫ સવારે નવ વાગ્યાથી સાંજ પાંચ વાગ્યા સુધી અને મતગણતરી તા.૦૧/૦૭/૨૫ સવારે નવ વાગ્યાથી પુરી થાય ત્યાં સુધી.તા.૨૩/૦૬/૨૫ સોમવારના ત્રણ વાગ્યા સુધી કોના આવેદનપત્રો પાછા ખેંચાય છે તે પછી ચુંટણી જંગ શરૂ થશે.આ ચૂંટણી જંગમાં ભાજપના બે જુથો વચ્ચે ટક્કર છે. થરા માર્કેટ યાર્ડમાં લગભગ ચોવીસ વર્ષની અણદાભાઈ રામાભાઈ પટેલ ચેરમેન પદે રહી ચુક્યા છે.આ વખતે નવા કોઈ વ્યક્તિની પસંદગી થાય તેવી રણનીતિ ખેલાઈ રહી છે. અત્યારે થરા માર્કેટ યાર્ડમાં વહીવટદાર તરીકે જિલ્લા રજીસ્ટર ગઢવી કામગીરી કરી રહયા છે.

### છેલ્લી ઘડીઓમાં ગ્રામ પંચાયતની ચૂંટણીનો ધમધમાટ

# બનાસકાંઠામાં ૨૨ જૂને મતદાન, ફરિયાદ માટે જિલ્લા-તાલુકા કક્ષાએ કંટ્રોલરૂમ કાર્યરત

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

બનાસકાંઠા જિલ્લામાં ૨૨ જૂન ૨૦૨૫ના રોજ ગ્રામ પંચાયતની સામાન્ય, વિભાજન અને મધ્યસત્ર ચૂંટણીનું મતદાન યોજાશે. મતદારોની સુવિધા માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યા છે.જિલ્લા કક્ષાએ કલેકટર કચેરી, પાલનપુર ખાતે કંટ્રોલરૂમ કાર્યરત કરાયો છે. જેનો સંપર્ક નંબર ૦૨૭૪૨-૨૬૦૭૯૧ છે. તાલુકા કક્ષાએ પણ અલગ-અલગ કંટ્રોલરૂમ શરૂ કરાયા છે. પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, ડીસા, કાંકરેજ, દિયોદર, લાખણી, ધાનેરા, દાંતીવાડા, થરાદ, વાવ, સુઈગામ અને ભાભર તાલુકા માટે અલગ-અલગ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે.



મતદાન દિવસે મતદારો પોતાની ચૂંટણી સંબંધિત ફરિયાદો આ નંબર પર નોંધાવી શકશે. જિલ્લા ચૂંટણી વિભાગે તમામ મતદારો અને જાહેર જનતાને આ નંબરની નોંધ લેવા અપીલ કરી છે. આ વ્યવસ્થા ગ્રામ પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારના તમામ મતદાન વિભાગ માટે લાગુ પડશે.

જિલ્લા કક્ષાએ કાર્યરત કંટ્રોલ રૂમનો નંબર ૦૨૭૪૨-૨૬૦૭૯૧ છે. તાલુકા વાઈઝ વાત કરીએ તો પાલનપુર તાલુકા માટે ૦૨૭૪૨-૨૫૭૨૬૧, વડગામ તાલુકા માટે ૦૨૭૩૯-૨૬૨૦૨૧, દાંતા તાલુકા માટે ૦૨૭૪૯ -૨૭૮૧૩૪ , અમીરગઢ તાલુકા માટે ૦૨૭૪૨-૨૩૨૧૭૮ , ડીસા તાલુકા માટે ૦૨૭૪૪-૨૨૨૨૫૦, કાંકરેજ તાલુકા માટે ૦૨૭૪૭-૨૩૩૭૨૧, દિયોદર તાલુકા માટે ૦૨૭૩૫-૨૪૪૬૨૬, લાખણી તાલુકા માટે ૦૨૭૪૪-૨૫૬૧૧૧, ધાનેરા તાલુકા માટે ૦૨૭૪૮-૨૨૨૦૨૪, દાંતીવાડા તાલુકા માટે ૦૨૭૨૮-૨૭૮૦૮૧, થરાદ તાલુકા માટે ૦૨૭૩૭-૨૨૩૬૭૬, વાવ તાલુકા માટે ૦૨૭૪૦- ૨૨૭૦૨૨, સુઈગામ તાલુકા માટે ૦૨૭૪૦-૨૨૩૬૪૨ તથા ભાભર તાલુકા માટે ૦૨૭૩૫-૨૨૨૬૭૭ નંબર જાહેર કરાયા છે.

### બાલારામ અંબાજી અભયારણ્યમાં ઘોના શિકારનો પ્રયાસ

# પાલનપુરના બે શખ્સો બે ઘો સાથે ઝડપાયા, વન્યપ્રાણી સંરક્ષણ ધારા હેઠળ કાર્યવાહી





(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

અમીરગઢ રેન્જના વન વિભાગે બાલારામ અંબાજી અભયારણ્ય વિસ્તારમાં મહત્વપૂર્ણ કામગીરી કરી છે. જેથી જંગલ સર્વે નંબર ૧૫૮માં વન વિભાગની ટીમે બે શખ્સોને બે ઘો સાથે પકડ્યા છે. આરોપીઓની ઓળખ સુરજકુમાર લખનભાઈ સોલંકી અને રવિભાઈ અર્જુનભાઈ પઢિયાર તરીકે થઈ છે. બંને પાલનપુરના માનસરોવર બાબરી વાસના રહેવાસી છે.

નાયબ વન સંરક્ષક વન્યજીવ બનાસકાંઠા અને મદદનીશ વન સંરક્ષકના માર્ગદર્શન હેઠળ જંગલ ફેરણા દરમિયાન આ કામગીરી કરવામાં આવી.

આરોપીઓ બે ઘોને પકડીને થેલામાં ભરી લઈ જતા હતા ત્યારે તેમને ઝડપી લેવામાં આવ્યા. આ ગુના બદલ વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની કલમ ૨, ૯, ૫૦, ૫૧, ૫૨ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.આ કામગીરીમાં મદદનીશ વન સંરક્ષક મહુલભાઈ પ્રજાપતિ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર મહેન્દ્રસિંહ વાઘેલા, વનપાલ જાવેદખાન ઘાસુરા, વનરક્ષકો દિનેશભાઈ ચૌધરી, પંકજકુમાર છત્રાલીયા, કમલેશભાઈ પુરોહિત સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. એસઆરપી સ્ટાફ અને રોજમદાર કર્મચારીઓ અગરસિંહ વાઘેલા અને રવજીભાઈ રોટાતર પણ આ કામગીરીમાં જોડાયા હતા.

## આર.કે.પટેલ શિક્ષણ સંકુલ અંદ્રોખામાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો




(ગરવી તાકાત) અંદ્રોખા તા.૨૦

આજરોજ આર. કે. પટેલ શિક્ષણ સંકુલ અંદ્રોખા ખાતે અમદાવાદ ખાતે થયેલ વિમાન દુર્ઘટના માં અવસાન પામેલ ગુજરાત ના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીજી ને શ્રદ્ધાંજલિ આપવા નો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમ માં આર્ટ્સ કોલેજ અંદ્રોખા ના પ્રિન્સિપાલ ડૉ. પરેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અવસાન પામેલ સૌ મૃતકો તેમજ સ્વ.પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અને એમના ગુજરાત માટે ના યોગદાન ને યાદ કર્યું હતું.

### અંબાજી મંદિરના ચાચર ચોકમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

## ૨૧ જૂને સવારે ૬થી ૮ યોગ-ગરબાનું આયોજન, 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય' થીમ સાથે કાર્યક્રમ યોજાશે




(ગરવી તાકાત) અંબાજી તા.૨૦


અંબાજી મંદિરના ચાચર ચોક ખાતે ૨૧ જૂન ૨૦૨૫ના રોજ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી થશે. આ વર્ષે કાર્યક્રમની થીમ 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ' રાખવામાં આવી છે. કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ તરીકે અનિશ રંગરેજની સહભાગિતાથી યોગ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી યોગને મળેલી વૈશ્વિક સ્વીકૃતિને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ આ કાર્યક્રમનું સંચાલન કરશે. કાર્યક્રમ શનિવાર, ૨૧ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬થી ૮ દરમિયાન યોજાશે.આયોજકોએ તમામ યાત્રાળુઓ, ગ્રામજનો અને પત્રકારોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું છે.

### આ વિસ્તારમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં રોડને પણ નુકસાન થઈ રહ્યું છે

# હિંમતનગર-ખેડ તસીયા સ્ટેટ હાઈવે પર જળબંબાકારની સ્થિતિ : ગોકુલનગર રેલવે ફાટક પાસે પાણી ભરાયા

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૦


હિંમતનગર-ખેડ તસિયા સ્ટેટ હાઈવે પર આવેલા ગોકુલનગર રેલવે ફાટક નજીક વરસાદી પાણીના નિકાલના અભાવે રોડ પર પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકો અને સ્થાનિક વેપારીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં રોડને પણ નુકસાન થઈ રહ્યું છે, જેના કારણે સ્થાનિકો દ્વારા તંત્ર સમક્ષ તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.



આ સ્ટેટ હાઈવે પરથી મોટી સંખ્યામાં વાહનોની અવરજવર રહે છે. ગોકુલનગર રેલવે ફાટક પાસે રોડની બંને તરફ કોમ્પ્લેક્સ આવેલા હોવાથી અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ચોમાસામાં સમગ્ર પાણી રોડ પર ભરાઈ જાય છે. શિવગંગા કોમ્પ્લેક્સમાં દુકાન ધરાવતા દક્ષ ભટ્ટે જણાવ્યું હતું કે, રોડ પર પાણી ભરાવાને કારણે ગ્રાહકો દુકાન સુધી પહોંચી શકતા નથી, જેનાથી વેપારને પણ મોટું નુકસાન થાય છે. આ ઉપરાંત, પાણી ભરાવાને કારણે રોડ પણ સતત તૂટી રહ્યો છે, જે વાહનચાલકો માટે જોખમી બની રહ્યો છે. સ્થાનિકો દ્વારા પાલિકા અને સંબંધિત તંત્રને આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા વિનંતી કરવામાં આવી છે. ઈશ્મવિભાગમાંથી મળતી માહિતી મુજબ, ખેડ તસિયા રોડ પર પાણી ભરાવાની જાણ તેમને થઈ છે અને સ્થળ તપાસ બાદ પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવશે. તેમજ રોડની બંને બાજુ કરવામાં આવેલું પુરણ પણ દૂર કરવામાં આવશે. પાલિકાના સંકલનમાં રહીને વરસાદી પાણીના નિકાલની કામગીરી આગામી સમયમાં હાથ ધરવામાં આવશે તેમ તંત્ર દ્વારા જણાવાયું છે.

### ભારત સ્કાઉટ ગાઈડે શહેરમાં અને ગામડામાં પ્રજાની વચ્ચે

## યોગનું નિદર્શન કરી યોગ કરો-સ્વસ્થ રહો- મસ્ત રહો નું માર્ગદર્શન આપ્યુ




વિશ્વ યોગ દિવસ ઉજવણીના ભાગરૂપે ભારત સ્કાઉટ ગાઈડ સંઘ જિલ્લા સાબરકાંઠા-ગુજરાત દ્વારા જીલ્લા ચીફ કમિશ્નરશ્રી અતુલભાઈ દીક્ષિતની રાહબરી હેઠળ હિંમતનગરના મુખ્ય બજારો ટાવર સરદાર ચોકમા રાજ્ય આસી.ટ્રેનિગ કમિશનરશ્રી નિતીન ગુર્જર દ્વારા મહાવીરનગર ચાર રસ્તા શ્યામાપ્રસાદ ચોકમાં ગાઈડ ટ્રેનિગ કમિશ્નરશ્રી વૈશાલી પટેલ દ્વારા , મહાકાળી મંદિર પરિસરમાં રેન્જર કમિશનરશ્રી તથા યોગ માસ્ટર સોનલ ડામોર અને મોતીપુરા ગાંધીબાપુ ચોકમાં કબ-બુલબુલ કમિશનર કલ્પના નિનામાએ તથા ઓર્ગે.કમિશ્નર બિપિન તબીયારે જાહેર સ્થળોએ ભારત સ્કાઉટ-ગાઈડ સાબરકાંઠા દ્વારા યોગ કરી જાહેર જનતાને પ્રત્યક્ષ નિદર્શન કરી જણાવવામાં આવ્યું કે તંદુરસ્ત રહેવું હોય અને તમારું સ્વાસ્થ્ય સારું રાખવું હોય તેમજ રોગોથી બચવું હોય તો દરેક વ્યક્તિ રોજિંદા જીવનમાં-રોજ સવારે ૩૦ મિનિટ યોગ માટે ફાળવશો. ' કરો યોગ રહો નીરોગ', 'યોગ ભગાવે રોગ'ના સુત્રોચારથી વાતાવરણ યોગમય બન્યું હતું.

Volume : 11 Issue : 68 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002